### અકોટા - મુંજમહુડા મુખ્ય માર્ગ પર લાગી ભૂવાઓની લાંબી કતાર

# શહેરમાં એકજ દિવસમાં 10 ભૂવા પડ્યા

**જો તમારા** શહેરમાં ભૂવા ન પડતા હોય તો વડોદરા મહાનગરપાલિકા નો સંપર્ક કરવો

**અકોટા** - મુંજમહુડા મુખ્ય માર્ગ પર લાગી ભૂવાઓની લાંબી કતાર

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

ચોમાસાની ઋતુ શરૂ થયા બાદ વડોદરા શહેરના નાગરિકોનું શહેરના રાજમાર્ગો પર નીકળવું ઘણું મુશ્કેલ થઈ ગયું છે. તેની પાછળનું મુખ્ય કારણ છે કે શહેરના દરેક વિસ્તારમાં દરેક માર્ગ પર ભૂવાઓ નું સામ્રાજ્ય થઈ ગયેલ છે. વડોદરા મહાનગરપાલિકા ના ભ્રષ્ટ અધિકારીઓના પાપે વડોદરા શહેરને ભૂવા નગરીનું ઉપનામ મળ્યું છે. છેલ્લા બે મહિનામાં રોજેરોજ શહેરના રાજમાર્ગો પર ભૂવાઓ પડતા નજરે પડે છે. પરંતુ આજરોજ તો વડોદરા શહેરમાં ભૂવાઓ એ રેકોર્ડ બનાવ્યો છે.

એક જ દિવસમાં શહેરમાં કુલ 10 ભૂવાઓ પડ્યા. અકોટા થી મુંજ મહુડા ના મુખ્ય માર્ગ પર ફક્ત એક કિલોમીટરની હદમાં જ પાંચ વિશાળકાય ભૂવાઓ પ્રગટ થયા. અકોટા ગામ તરફથી મુંજ મહુડા તરફ જતા ગેટવે હોટેલ નજીક બે ભુવા જોવા મળ્યા હતા. અને તેની આગળ વધીએ તો 100 મીટરની અંદર જ બીજા ત્રણ ભુવાઓ ને જોઈને લોકો અચંબિત થઈ ગયા હતા. જેમાં મુંજમહુડાના છત્રપતિ શિવાજી મહારાજ સર્કલ થી પહેલા જ એક મહાકાય ભૂવો જોવા મળ્યો હતો જેના લીધે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા.

આ પાંચ ભૂવાઓની ગણતરી પૂરી જ થઈ હતી ત્યાં તો શહેરના વુડા સર્કલ પાસે જે વર્ષ 2024 નો સૌથી મોટો ભુવો પડ્યો હતો તે જ સ્થળે ફરીથી એક મોટો ભુવો પડ્યો અને બાજુમાં જ 20 ફૂટ નજીક હજી એક ભૂવો અને બીજી બાજુ રાત્રી બજાર પાસેના મુખ્ય રોડ પર આઠમો ભૂવો લોકોની નજરે પડ્યો હતો. હજી તો હજુ ગણતરી પૂરી નથી થઈ ત્યાં જ નિઝામપુરા સમા વિસ્તારમાં શુક્લાનગર પાસે એટલો ઊંડો ભૂવો પડ્યો કે કોઈપણ વ્યક્તિનો જીવ જતા વાર ના લાગે. અને પછી વારો હતો વાસણા રોડનો કે જ્યાં ભૂવા પડતાં જ 10 ભૂવા એક જ દિવસમાં પડવાનો રેકોર્ડ બની ગયો હતો. છેલ્લા બે મહિનામાં શહેરના વિવિધ વિસ્તારોમાં પડેલ ભૂવાઓની ગણતરી કરવામાં આવે તો ચોક્કસથી ભૂવાઓએ સદી પૂરી કરી દીધેલ છે તેવું પણ કહી શકાય.

વડોદરા શહેરના નાગરિકો પેટે પાટા બાંધીને સમયસર પોતાનો વેરો વડોદરા મહાનગરપાલિકા ભરપાઈ કરે છે. અને તેઓ એક જ આશા તંત્ર પાસે રાખે છે કે તેમના દ્વારા ભરપાઈ કરવામાં આવેલ વેરાથી તેમને પ્રાથમિક સુવિધાઓ મળી રહેશે અને વડોદરાનો વિકાસ થશે. પરંતુ મહાનગરપાલિકા ના પ્રશ્ન અધિકારીઓ અને સત્તાના નશામાં ચોર સત્તાધીશોના પાપે વડોદરા શહેરના નાગરિકો દ્વારા ભરપાઈ કરવામાં આવેલ વેરો ફક્ત ભૂવાઓ નું સમારકામ કરવામાં વેડફાતો હોય તેવું જણાઈ આવે છે.



#### મુંજમહુડાનો રોડ એક બાજુથી બંધ કરી દેવાયો

100 મીટર ના અંતરે ત્રણ મહાકાય ભુવાઓને લીધે અકોટા મુંજમહુડા રોડ પર ભારે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. ભુવાઓ પડવાના કારણે એક તરફનો રોડ વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો હતો અને ભૂવાઓનો વહેલી તકે નિકાલ ન આવતા તેના લીધે ત્યાંથી અવરજવર કરતા દરેક વાહન ચાલકોને મુશ્કેલીમાં મુકાયા હતા.



અકોટા ગાર્ડન નજીક



અશ્વમેધ



એલએનટી સર્કલ



સમા રોડ



મંગલ પાંડે બ્રિજ

#### કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટ કરો : જહા દેસાઈ

કાઉન્સિલર જહા દેસાઈએ જણાવ્યું હતું કે વડોદરામાં ભારતીય જનતા પાર્ટીનું છેલ્લા 27 વર્ષથી શાસન છે અને તેમની બેદરકારીના લીધે વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓ બેફામ થયા છે. રોડ બનાવ્યા પછી પાણીની લાઈન કે પછી ગટરની લાઈનનું કામ કરે છે અને આ ભ્રસ્ટ તંત્રના લીધે જ વડોદરા શહેરમાં ઠેર ઠેર ભૂવાઓ જોવા મળી રહ્યા છે. આ પ્રકારના કામ કરતાં કોન્ટ્રાક્ટરોને વડોદરા મહાનગરપાલિકા દ્વારા બ્લેકલિસ્ટ કરવા જોઈએ.



મુંજમહુડા



વારસીયા



વાસણા જ.નાકા

# પુર બાદ ત્રીજો મહાકાય મગર EME ટેમ્પલના ગ્રાઉન્ડમાંથી રેસ્ક્યુ કરાયો

**રસ્સી** છોડાવવી ધમપછાડા કર્યા; રેસ્ક્યુ ટીમે પાછળ જવું પડયું

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરમાં પૂરની પરિસ્થિતિ બાદ મગરો રહેણાંક વિસ્તારમાં ઘૂસ્યા હોવાના કોલ વનવિભાગને સતત મળી રહ્યા છે. ત્યારે આજે નવ ફૂટ લાંબો મગર EME ટેમ્પલ ગ્રાઉન્ડ ઘૂસ્યો હતો. જૈ અંગેનો કોલ મળતાની સાથે જ વન વિભાગની ટીમ રેસ્ક્યુ કરવા માટે પહોંચી ગઈ હતી. મગરના ગળા અને મોઢામાં દોરડું નાખતાની સાથે મગરે ધમપછાડા કરીને રસ્સીમાંથી નીકળવાનો પ્રયાસ કર્યો હતો.

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલા EME ટેમ્પલ ગ્રાઉન્ડ ખાતે 9 ફૂટનો મહાકાય મગર ઘૂસી આવ્યો હતો.જેને પગલે આસપાસના લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જેથી સ્થાનિકોએ તુરંત વડોદરા વન વિભાગની ટીમને જાણ કરી હતી. જેથી વન વિભાગની ટીમ તુરંત જ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મહાકાય મગરને રેસ્ક્યુ કરવાની કામગીરી શરૂ કરી હતી. જેમાં રસ્સીમાંથી મગરે ચટકવાનો પ્રયાસ કરતા રેસ્ક્યુઅર સહિતની ટીમ મગરને પકડી પાંજરે પૂર્યો હતો. વડોદરા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટ દ્વારા વડોદરાના ડભોઈ રોડ પર આવેલ કેલનપુર ગામમાંથી એક પાંચ ફૂટના મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. આ અંગે ટ્રસ્ટના પ્રેસિડેન્ટ અરવિંદભાઈ પવારે જણાવ્યું હતું કે,



મારા પર ગઈકાલે રાતે સડા બાર વાગ્યાની આસપાસ ડભોઈ રોડ પર આવેલા કેલનપુર ગામમાંથી ફોન આયો હતો કે, એક મગર અમારા ખેતર પાસે આવી ગયો છે. આ ફોન આવતા જ અમારી સંસ્થાના સેક્રેટરી યુવરાજસિંહ રાજપૂત અને સંસ્થાના બીજા કાર્યકરો અને વડોદરા વન વિભાગના અધિકારી નીતિનભાઈને લઈને ત્યાં પહોંચ્યા હતા. ત્યાં જોતા એક પાંચ ફૂટનો મગર ખેતરમાં જોવા મળ્યો હતો. આ મગરને સહી સલામત રીતે રેસ્ક્યુ કરીને વડોદરા વન વિભાગના સોંપવામાં આવ્યો હતો.

વડોદરા શહેરમાં છેલ્લા એક અઠવાડિયામાં 45 જેટલા મગરોને વન વિભાગની ટીમે વિવિધ સંસ્થાઓ સાથે મળીને રેસ્ક્યુ કર્યું છે. આ મગરો વડોદરા શહેરના રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવ્યા હતા, જેથી આ તમામ મગરોને રેસ્ક્યુ કરીને ફરીથી નદીઓમાં છોડી દેવામાં આવ્યા હતા.

### ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરાશે તો જવાબદારી તંત્રની

# ગુજરાત વિદ્યુત ટેકનીકલ કર્મચારી મંડળની માંગણી નહીં સંતોષાતા રોષ

**વાંરવાર** રજૂઆત કરવા પણ કોઈ નિરાકરણ નહીં આવતા આખરે શસ્ત્ર ઉગામ્યુ પડ્યું : રાજુભાઈ ખત્રી

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

મધ્ય ગુજરાત વીજ કંપનીના ટેકનિકલ કર્મચારીના પ્રશ્નોની અવારનવાર રજૂઆતો કરવા છતાં નિરાકરણ ન આવતા અને તે અંગે કોઈ કાર્યવાહી ન થતા ગુજરાત વિદ્યુત ટેકનીકલ કર્મચારી મંડળ દ્વારા મધ્ય ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તથા તેના સંલગ્ન વિભાગનાઓને લેખિતમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની અને તેના લીધે જાહેર જનતાને કોઈ અગવડ પડે તેની જવાબદારી મંડળની રહેશે નહીંની નોટિસ આપવામાં આવેલ છે.

ગુજરાત વિદ્યુત ટેકનીકલ કર્મચારી મંડળના સેક્રેટરી જનરલ રાજુભાઈ ખત્રી દ્વારા આપવામાં આવેલી લેખિત નોટિસમાં તેઓના પડતર પ્રશ્નોના અનેક ઉદાહરણો જેવા કે ,ટેકનિકલ લાઈન કર્મચારીઓની બદલી ભરતીમાં ભેદભાવ ભરેલી નીતિમાં સુધારો લાવવા, ટેકનીકલ કર્મચારીઓ ડિપ્લોમા થયેલ હોય તો તેની ભરતી થયેલ ન હોય, રોસ્ટર કેટેગરીમાં ભેદભાવ બદલીના નંબર મુજબ બદલી કરવા અંગે, નોન ટેકનિકલ અને ટેકનિકલ કર્મચારીઓની બદલી બઢતી ટ્રાન્સફરમાં ભેદભાવની નીતિ, વીજ પ્રવાહ દરમ્યાન અન્ય રીતે બેક પાવર સપ્લાય આવતા થતાં અકસ્માત અંગે, ફિલ્ડની કામગીરી માટે ઓછામાં ઓછા બે સ્ટાફ મોકલવા અને 12 કલાકની ફરજ ન સોંપવા અંગે,ટેકનિકલ લાઈન સ્ટાફ ને ટુલ ટેક આપવા, કર્મચારીઓના ગુના હેઠળ બદલીમાં ટેકનિકલ કર્મચારીઓ અને અન્ય કેડરની બદલી નીતિમાં ભેદભાવ વગેરે જેવી બાબતો રજૂ કરેલ છે અને તેમાં મેનેજમેન્ટ દ્વારા તમામ નીતિ નિયમો નેવે મૂકીને વારંવાર એક યુનિયનની તરફેણ કરી નિર્દોષ કર્મચારીઓને અન્યાય કરવાની નીતિ રીતિ સામે અને અન્ય પ્રશ્નોના મુદ્દાઓ પરત્વે વારંવાર રજૂઆતો કરવા છતાં નક્કર પરિણામ મળેલ ન હોવાથી નાછૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન અપનાવવાનો સહારો લેવાનો અને જેના લીધે જાહેર જનતાને અગવડ પડે તેની જવાબદારી ગુજરાત ટેકનીકલ કર્મચારી મંડળની રહેશે નહીં તેવી નોટિસ આપવામાં આવેલ છે આગામી સમયમાં આ ટેકનિકલ સ્ટાફના પ્રશ્નોનું નિરાકરણ ન આવે તો વીજ પુરવઠા ઉપર અસર વર્તાય એવી શક્યતા છે.

### પાદરાના ડબકા ગામની કરૂણ ઘટના

# ગણેશ પંડાલ બાંધી રહેલા 16 યુવકોને લાગ્યો કરંટ, એકનું મોત

**6 વર્ષની** પુત્રીએ પિતાની છત્ર છાયા ગુમાવી

(પ્રતિનિધિ) પાદરા/વડોદરા તા.4

હાલ રાજ્યમાં વરસાદી માહોલ ચાલી રહ્યો છે, તો બીજી તરફ આગામી શનિવારથી ગણેશ ચતુર્થીનો તહેવાર શરૂ થઈ રહ્યો છે. જેને લઈને તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ત્યારે પાદરાના ડબકા ગામે એક આધાતજનક ઘટના સર્જાઈ છે. જેમાં ગણેશ પંડાલ બાંધી રહેલા 16 એકસાથે યુવકોને કરંટ લાગ્યો હતો. જેમાં એક યુવકનું ઘટનાસ્થળે જ મોત નિપજતાં વાતાવરણ ગમગીન બની ગયું હતું.

ગત રાત્રીના ડબકા ગામે શ્રી વેરાઈ ગણેશ મંડળ દ્વારા દર વર્ષની જેમ ગણેશજી ની સ્થાપના કરવા માટે પંડાલ ઉભુ કરવાની કામગીરી મંડળ ના સભ્યો દ્વારા કરવામાં આવી રહી હતી, તે દરમ્યાન એકાએક પંડાલ નો બીમ (પાયો) લોખંડની એન્ગલ ઉપર આવેલ 11 કે.વી. વીજળીના ભારે તાર ને અડી જતાં 16 જેટલા મંડળના યુવાનોને વીજ કરંટ નો ઝટકો લાગતા બધાં ફંગોળાયા હતા, જેમાંથી એક યુવાન પ્રકાશભાઈ ડાહ્યાભાઈ જાદવ ઉર્ફે (સચીન) ઉ.વર્ષ આશરે 32 ને વધારે ગંભીર ઈજાઓ થતાં તેઓ બેભાન થઈ ગયા હતા, જેઓને 108 દ્વારા ડભાસા ગામે આવેલ ખાનગી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતાં, જ્યાં હાજર તબીબ દ્વારા પ્રકાશભાઈ ને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આમ પાદરા તાલુકા એ એક આશાસ્પદ યુવાન ગુમાવ્યો હતો. બાકી ના યુવાનો ને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

ઉલ્લેખનીય છે કે પ્રકાશ જાદવ એક સારો ક્રિકેટર પણ હતો. જેથી તેને લોકો સચિન તરીકે વધારે ઓળખતા હતા અને તે પરિણીત હતો પ્રકાશની 6 વર્ષની પુત્રીએ પિતાની છત્ર છાયા ગુમાવી છે. ડબકા ગામે છેલ્લા 40 વર્ષ થી ગણેશ ઉત્સવ મનાવવામાં આવે છે અને 41 માં વર્ષની તૈયારીઓ કરી રહ્યા હતા અને મંડળ ના યુવકો ૧૨ ફૂટ ની ગણેશ મૂર્તિ માટે ૧૫ ફૂટ ઉંચો પંડાલ બનાવી રહ્યા હતા અને અંધારું હોવાથી પંડાલ ના લોખંડ નો પોલ 11 કેવી વીજ લાઈન ને અડી જતા





પંડાલને અડી ગયેલો વીજ વાયર

#### 15 ઈજાગ્રસ્તો

જાદવ શૈલેષભાઈ ડાહ્યાભાઈ, જાદવ ભરતભાઈ અર્જુનભાઈ, જાદવ ધનશ્યામભાઈ બુધાભાઈ, પરમાર હિતેશભાઈ મહિન્દ્રસિંહ, માળી ગફૂલભાઈ લાલાભાઈ, જાદવ દશરથભાઈ રણજીતસિંહ, માળી રણજીતભાઈ ચંદુભાઈ, જાદવ વિરેન્દ્રસિંહ પ્રવિણસિંહ, જાદવ વિરેનસિંહ અરુણસિંહ, જાદવ હિરેન રાજુભાઈ, જાદવ કીયુર રાજુભાઈ, જાદવ કાર્તિક બુધાભાઈ, જાદવ ધર્મેશ કિરણસિંહ, જાદવ તુષાર ભરતભાઈ, ચૌહાણ વિરેન્દ્ર મહેશભાઈ

16 યુવાનોને કરંટ લગતા હાહાકાર મચી ગયો હતો. ગણેશ મંડળ ના અગ્રણી મહેશ જાદવે જણાવ્યું હતું કે યુવક મંડળ દ્વારા વડોદરા માં શ્રીજી ની મૂર્તિ બુકિંગ કરાવેલ હતી અને શુક્રવારે વડોદરા મૂર્તિ લેવા માટે જવાના હતા પરંતુ મોડી રાત્રે બનેલ ઘટના ને પગલે ગામ આખું શોકાતુર થયું છે. મંડળ દ્વારા સોપારી ની સ્થાપના કરી ગણેશ ઉત્સવ મનાવશે.

### બાપોદ પોલીસ દારૂ ભરેલી પિકઅપને આજવા રોડ પરથી પકડી

# હરિયાણાનો શખ્સ રૂા. 5.28 લાખના વિદેશી દારૂ સાથે ઝડપાયો, બે વોન્ટેડ

**વિદેશી** દારૂ, મોબાઇલ અને બોલેરો મળી રૂ.10.33 લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા તા. 4

હરિયાણાથી વિદેશી દારૂ ભરીને સરદાર એસ્ટેટમાં ડિલિવરી આપવા આવતા એક શખ્સને વડોદરાના આજવા રોડ પરથી બાપોદ પોલીસ દ્વારા 5.28 લાખના વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે વિદેશી દારૂ, ગાડી સહિત રુ. 10.33 લાખનો મુદ્દામાલ કબજે કરી બે લોકોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

હાલમાં ચાલી રહેલા ગણપતિના તહેવારમાં બૂટલેગરો દારૂની રેલમછેલ કરવા માટે રાજ્ય બહારથી વિદેશી દારૂનો જથ્થો મંગાવી સ્ટોક કરી રહ્યા છે. જેના કારણે પોલીસ તંત્ર એ પણ આ બુટલેગરો પર સતત વોચ રાખવાની શરૂ કરી છે. બાપોદ પોલીસની ટીમે 3 સપ્ટેમ્બરના રોજ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે હરિયાણા નો એક્સ એક્સ નામે બિજેન્દર ઉર્ફે લલિત ઈશ્વરસિંગ શર્મા તેની બોલેરો પીક-અપમા વિદેશી દારૂનો જ સંતાડી આજવા ચોકડીથી આજવા રોડ થઈ સરદાર એસ્ટેટમાં ઉતારવાનો છે. જેથી પોલીસે આજવા રોડ કમલાનગર





શિવમ વિદ્યાલયની પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન આજવા ચોકડી તરફથી બાતમી મુજબની બોલેરો પીકઅપ ગાડી આવતા પોલીસે તેને ઉભી રખાવી હતી. ત્યારે ગાડીમાં ડ્રાઈવર બેઠેલો હોય તેને નીચે ઉતારી સાથે રાખી ગાડીમાં પાછળનો દરવાજો ખોલી તપાસ કરતા રૂપિયા 5.28 લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસ દ્વારા વિદેશી દારૂ અને બોલેરો ગાડી રુ.10.33 લાખના મુદ્દામાલ સાથે બિજેન્દર ઉર્ફે લલિત ઈશ્વરસિંગ શર્માની ધરપકડ કરી હતી. જ્યારે દારૂનો જથ્થો સપ્લાય કરનાર સહિત બે લોકોને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### વડોદરા સાંસદને લોકોની રજૂઆત ,તાત્કાલિક હાઇવે રોડ રિપેર કરાવો

# હાઈવે નં.48 ની બિસમાર હાલતથી ચાલકોને અકસ્માત થવાની દહેશત

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરમાં ભારે વરસાદે ભલભલાની ઊંઘ હરામ કરી નાખી છે અને જ્યારે રોડ રસ્તાની વાત કરીએ તો ખરાબ હાલત જોવો મળે છે વડોદરા શહેરમાં જ્યા જોવો ખાડા અને અસંખ્ય ભૂવા પણ જોવા મળ્યા છે . જેથી અવર જવર કરતી વડોદરાની પ્રજા ત્રસ્ત થઈ ગઈ છે. એક તરફ વરસાદી પાણી ના કારણે ઠેર ઠેર પાણી ભરાયાં ની ફરીયાદ છે અને એકપણ રોડ વાહન ચલાવવા માટે સુરક્ષિત નથી એવામાં વડોદરા હાઈવેની વાત કરીએ તો નેશનલ હાઈવે નં.48 ની હાલત ખુબ ખરાબ જોવા મળી રહી છે. સત્તાપક્ષ કહે છે અમે રોડ બનાવ્યા પણ હાલ રોડની હાલત ખુબજ ખરાબ જોવા મળી રહી છે કેહવામાં તો આ હાઈવે છે પરંતુ



હાઈવેના રોડ કદી ન જોયા હોય એવી છે હાઈવે પર પુર જડપે હેવી વાહનો જતા હોય છે અને હાઈવે એક માત્ર એવો રોડ છે જ્યાંથી વાહન ચાલકો થોડી ક્ષણો માં પોતાની નિર્ધારિત કરેલ જગ્યા પોહચી શકે પરંતુ હાઈવે ન.48 પર વરસાદી પૂર્ણ પાણી ભરાયાં પછી હાઈવે પર ખૂબ ખાડા પડી ગયા જોવા મડી રહયા છે જેનાથી અવર જવર કરનારા વાહનોને અને લોકોને ખુબજ તકલીફ પડી રહી છે અને વહોને નુકશાન પણ થઈ રહ્યું છે. હાઈવે નં.48 ના આખડા નું પુરાણ જલ્દી થી કરવામાં આવે અને રોડ દુરસ્ત કરવામાં આવે એવી માંગ સાથે કેટલાય લોકો વડોદરાના સાંસદ ડો હેમાંગ જોશી ને આ બાબતે જાણ કરી જલ્દી રોડ બનાવવામાં આવે એવી અપીલ કરી હતી . જોવાનું એ રહ્યું કે આ હાઈવે હવે ક્યારે રિપેર થાય અને કેટલી વહેલી તકે સમારકામ કરી હાઈવે કેહવાય એવો બને છે.

### લાયસન્સ ન હોવા છતાં બે સિક્યુરિટી ગાર્ડોને નોકરી પર રાખ્યા

# લાયસન્સ વિના સિક્યુરિટી એજન્સી ચલાવતા સંચાલકની અટકાયત

**ગોરવા** પોલીસ સ્ટેશનમાં સંચાલક સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરમાં ઘણા સંચાલકે લાયસન્સ વિના સિક્યુરિટી એજન્સી ચલાવતા હોય છે. ત્યારે એસઓજીની પોલીસની ટીમે વગર લાઇસન્સે સિક્યુરિટી એજન્સી ચલાવી ગાર્ડને નોકરી પર રાખનાર એજન્સી સંચાલકને ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

વડોદરા શહેરમાં ઘણા સંચાલકો લાયન્સ વિના સિક્યુરિટી એજન્સી ચલાવતા હોય છે તે કેટલાક લાયસન્સ હોવા છતાં એકસપાર્ડ થયા બાદ તેને રિન્યુ કરાવ્યાના વિના જ એજન્સી ચાલુ રાખીને નફો રડી લેતા હોય છે. ત્યારે એસઓજીની ટીમે વગર લાઇસન્સે સિક્યુરિટી ગાર્ડોનો નોકરી પર રાખી એજન્સી ચલાવતા હોય તેના સંચાલકો



વિરુદ્ધ લાલ આખ કરીને તેમની સામે કાર્યવાહી કરી રહી છે.તાજેતરમાં આવા જ કેટલાક સંચાલકોની ધરપકડ કરાઈ હતી. આવા લાયસન્સ વગર એજન્સી ચલાવતા સંચાલકોને ઝડપી પાડવા માટે એસઓજીની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે ગોત્રી હાઈટેન્શન રોડ અમીન પાર્ટી પ્લોટની બાજુમાં વિહાવ ટુપ્રીમમ્સ કોમર્શિયલ બિલ્ડીંગમાં સ્પાઈડર સિક્યુરિટી એજન્સી સંચાલક પ્રભાત નાગર વગર લાયસન્સએ સિક્યુરિટી ચલાવી ગાર્ડના માણસોને બિલ્ડિંગમાં નોકરી પર રાખે છે. જેથી એસઓજીએ બાતમી મુજબના સ્થળ પર જઈને બે સિક્યુરિટી ગાર્ડ હાજર હોય તેમની પૂછતાછ શરૂ કરતા એજન્સીના માલિક પ્રભાત મોહન નાગર ત્યાં દોડી આવ્યા હતા. જેના કારણે સંચાલક પ્રભાપ નાગરની એસઓજી દ્વારા પૂછપરછ શરૂ કરી તેમની પાસે એજન્સી માટેના લાઈસન્સની માગણી કરી હતી. પરંતુ તેઓ રજૂ કરી શક્યા ન હતા. જેથી વગર લાઈસન્સે એજન્સી ચલાવતા સંચાલક પ્રભાત મોહન નાગરની એસઓજી દ્વારા અટકાયત કરી આગળની કાર્યવાહી માટે ગોરવા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો હતો.

### મને તારામાં નહી પરંતુ તારી દીકરીમાં રસ છે તેવી કહી પત્ની સાથે ઝઘડો કર્યો

# 14 વર્ષીય સગીરા સાથે સાવકા પિતાએ વારંવાર શારીરિક અડપલા કરતા ફરિયાદ

**સાસુએ** જમાઇ વિરુદ્ધ અટલાદરા પોલીસમાં ફરિયાદ નોધાવતા પોલીસ તેને જમાઇની ધરપકડ કરી

**દીકરી** ગેલેરીમાં ઉભી હતી તે દરમિયાન પિતાએ પકડી ચેનાચાળા કર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.4

માંજલપુર વિસ્તારમાં રહેતી મહિલાની 14 વર્ષીય સગીર પુત્રી સાથે તેના સાવકા પિતાએ વારંવાર શારીરિક અપડલા કરતો હતો. પત્નીએ ઠપકો આપતા પતિએ મને તારામાં નહી પરંતુ તારી દીકરીમાં રસ છે તેમ કહીને ઝઘડો કર્યો હતો. જેથી સાસુએ જમાઈ વિરુદ્ધ અટલાદરા પોલીસ સ્ટેશમાં ફરિયાદ નોધાવતા પોલીસ તેને જમાઈની ધરપકડ કરી હતી.

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે મારી દીકરી તથા જમાઈ વચ્ચે વારંવાર ઝઘડા થતા હોવાના કારણે વર્ષ 2019માં છુટાછેડા થયા હતા. દરમિયાન દીકરીના બીજા લગ્ન મહીસાગર જિલ્લાના યુવક સાથે થયા હતા. મારી દીકરીના અગાઉના પતિની બે સગીર દીકરીઓ સાથે રહેતી હતી.

હુ દુબઈ ખાતે જતી રહી હતી. મારી દીકરીના સાથે ફોન વાતચીત થતા તેના પતિ વિરુદ્ધ પોલીસ કેસ થયો હોય પોલીસ તેને શોધવા માટે આવતી હોય છેલ્લા છ મહિનાથી વડોદરામાં મકાન ભાડે રાખીને રહેતી હતી. હુ દુબઈથી આવીને મારી દીકરીની દીકરીનુ પુછ્યું હતું કે બંને ક્યારથી આવી છે ત્યારે અઠવિયાથી આવી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તેમની દીકરીને જણાવ્યું હતું કે મારા નવા પિતા તેને હેરાન કરે છે. મમ્મીનું નવુ લગ્ન થયું હતું અને મમ્મી નોકરી પર જ્યારે નાની બહેન ઉંઘતી હતી ત્યારે પિતાએ દીકરી ગેલેરીમાં ઉભી હોય પકડી લીધી હતી અને ખરાબ ચેનચાળા કરવા લાગ્યા હતા. જેથી મારી દીકરીએ તેના પતિ સાથે ઝઘડો કર્યો હતો બાદમાં જમાઈએ દીકરી સાથે અપડલા કરવાનું બંધ કર્યું હતું.

વર્ષ 2021માં ફરથી મારા જમાઈએ તેમની દીકરી સાથે વારંવાર શારિરીક અપડલા કર્યા હોય દીકરી કહેવા જતા તેની સાથે પણ ઝઘડો કર્યો હતો અને જણાવ્યું હતું કે મને તારામાં રસ નથી મન તારી દીકરીમાં રસ છે મને તેની સાથે રહેવા દે તેમ કહી ઝઘડો કર્યો હતો. જેથી અટલાદરા પોલીસે નાનીની ફરિયાદના આધારે અપડલા કરનાર જમાઈની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.